જય સિધ્ધનાથ મહાદેવ

# યુવા સુરક્ષા કવચ

## अपने लीये नहीं....
## लेकीन अपनों के लीये....



## YSK પરિવાર એટલે
## રક્ષિત... સુરક્ષિત... નિશ્ચિંત પરિવાર

# સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ ,
# વડોદરા.

સ્થાપના વર્ષ : ૧૯૯૫ ર.જી. નં : A ૨૮૨૩

હીરાવંતી ચેમ્બર પાછળ , આર્યકન્યા વિધયાલય પાસે ,

કારેલીબાગ , વડોદરા – ૩૯૦૦૧૮

Mail ID : satvarasamajvadodara@gmail.com

Web Site : satvarasamajvadodara.com

યુવા મિત્રો

વંદે માતરમ , જય સિધ્ધનાથ મહાદેવ

વર્ષો પહેલા આપણી સમાજમાં કોઈ વ્યક્તિનું અવસાન થાય ત્યારે સમાજજન **'સાદડી'** પ્રથા ની પરંપરાથી મૃતકના ઘરે એકઠા થતા. આ પ્રથા કે રિવાજ પાછળનું સાદુ અને સરળ કારણ સદગતની ખોટ તો કયારેય પુરાવાની નથી, છતાંય તેમના પરિવારજનોને આંશિક મદદરૂપ થવા અને હૂંફ આપવી. સાથે સાથે એમનું આત્મ સન્માન ના ઘવાય તે રીતે આથિકરીતે મદદરૂપ થવું. સાદડીમાં આવનાર લોકો છુટા પડતી વખતે સાદડીની નીચે યથાશક્તિ રકમ મૂકોને જતા. જે સાંજ પડ્યે એટલે કે સાદડી પતે ત્યારે નોંધપાત્ર રકમ એકઠી યતી હતી અને પરિવારને મદદરૂપ થવાની ભાવનાના દર્શન થતાં હતાં.

કઈક આવી જ પ્રથાને નવા કોન્સેપટ કે આઈડિયા કે મદદરૂપ થવાની લાગણીસહ મૃતકના પરિવારજનોનું આત્મ સન્માન સાચવવાની નવી રીત એટલે આપણું યુવા સુરક્ષા કવચ. ૧૮ થી ૫૫ વર્ષની વયના યુવક કે યુવતીના આકસ્મિક અવસાનની પળે તેમના પરિવારને મદદ કરવાના સમાજ સ્તેહીના ભાવ સાથે યુવાસંઘ દ્વારા **મિશન ૨૦૨૪ અંતર્ગત YSK** યોજના શરૂ કરેલ છે.

ઘણી જીવન વીમા કંપનીઓ દારા સુરક્ષા પ્રદાન કરવામાં આવે છે, પરંતુ તેના ઊંચા પ્રીમિયમ, કંપનીના આથિક હિતોને પ્રાધાન્ય તેમજ કાયદાકીય આંટીઘુંટીના લીધે મરણોપરાંત ચૂકવવાના યતા ક્લેઈમમાં અનેક મુશ્કેલીઓ આવે છે.

આપણી યુવા સુરક્ષા કવચ યોજનામાં સુરક્ષા પ્રદાન કરવાની સાથે સાથે સામાજીક ભાતૃભાવ દ્વારા સહાયનો મુખ્ય આશય રહેલો છે. સાથે સાથે આપણી સમાજના જ અને આપણા જ બાંધવોને મદદરૂપ થવાનો જે આત્મસંતોષ મળે છે તેની અનૂભૂતિ જ અનોખી છે. આ યોજના અંતર્ગત મળતી દિવંગત પરિવારને અર્પણ કરાતી સહાયની સામે પ્રત્યેક સભ્ય દ્વારા આપવામાં આવતી સહયોગનિધિ (વીમા કંપનીના શબ્દોમાં પ્રિમિયમ) અત્યંત ઓછી આવે છે. આમ આટલી મામુલી સહયોગનિધિ (પ્રીમિયમ )માં આટલું બધું રિબેટ (વળતર) કોઈ પણ પ્રાઈવેટ કંપની કે જાહેર સંસ્થા આપતી નથી. આની સામે મૃતક પરિવારને **2 લાખ 10 લાખ** રૂપિયા જેટલી મોટી રકમ સામાજીક ભાવ સાથે અર્પણ કરવાની બાબત આપણા સમાજ માટે ગૌરવરૂપ છે.

આ યોજનાના આપણે સૌ સંવાહક કાર્યકર મિત્રો દરેક યુવા મંડળ અને જનજન સુધી પહોંચી આ યોજનામાં 10,000 ઉપરાંત સભ્યોને સાંકળી સનાતની સંગઠનની સાંકળને આર્થિક સુરક્ષા કવચ પ્રદાન કરવાનુ લક્ષ રાખેલ છે, તે માટે શરૂઆતથી જોડાનાર સભ્યો, આયોજકો, વ્યવસ્થાપકો, યુવાસંઘ, તેમજ સમગ્ર શ્રી સમાજ ને શુભેચ્છા સહ અભિનંદન પાઠવીએ છીએ.

યુવા સુરક્ષા કવચ યોજનાની સંપૂર્ણ માહિતી દર્શાવતી આ પુસ્તિકામાં યોજનાના તમામ નિયમો, ધારાધોરણો, વહીવટીય માળખું વિગેરે બાબતો સામેલ કરેલ છે જે આપના કરકમળોમાં મુકતાં આનંદની લાગણી અનુભવીએ છીએ.

જય સનાતન　　　　　　　　　　જય સિધ્ધનાથ મહાદેવ

---------------------------------------------------------------------------------------------------

પ્રેસિડેન્ટ　　　　ચેરમેન　　　　મહામંત્રી　　　　CEO

તેમજ સૌ યુવા સાથીઓ

॥ જય સિધ્ધનાથ મહાદેવ ॥

# શ્રી સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ , વડોદરા.- કેંદ્રીય સંગઠન

**(YSK) યુવા સુરક્ષા કવચ યોજનાના ધારાધોરણો અને નિયમો (તા. 01/04/૨024 થી અમલ)**

*પ્રસ્તાવના:*

**શ્રી સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ , વડોદરા.- કેંદ્રીય સંગઠન** યુવા સુરક્ષા કવચ અંગે કેન્દ્રીય યુવાસંઘના મિશન ૨૦-2024 અંતર્ગત સમાજમાં યુવાન વયે બનતી મૃત્યુની ઘટનાને પરિણામે આથિક મુશ્કેલીમાં મુકાયેલ પરિવારને આથિક સુરક્ષા પુરી પાડવા માટેની આ યોજના છે. એક્સીડેન્ટ, માંદગી કે આક્મિક બનાવોમાં ઘણા ખરા કિસ્સામાં એકનો એક આધારભૂત પરિવારજન છીનવાઈ જાય છે. જો આથિક સુરક્ષા વ્યવસ્થા ઊભી કરેલ ન હોય તો પરિવારને સંકટ આવી પડે છે. આથી આ મહત્વાકાંક્ષી યોજનામાં સભ્ય તરીકે જ્ઞાતિજનોને જોડવામાં સહભાગી થશો. આપ આત્મસંતોષ સાથે સામાજીક ફરજ નિભાવવા બદલ ગૌરવની લાગણી અનુભવી શકશો. કોઈ નબળા પરિવાર વતી વાષિક દિવંગતનિધિ ભરવાથી આપનું મોટું તર્પણ કહેવાશે. જેમાં સભ્ય થનારનું ૧૮ થી ૫૫ વર્ષની ઉંમર દરમ્યાન મૃત્યુ થાય તો તેના પરિવારને નીચેના કોષ્ટક મુજબ રૂ. **2 લાખ 10 લાખ** સુધીની આર્થિક સહયોગનિધિ આપવાનું આયોજન છે. આપના જેવા સભ્યોની નાનકડી રકમથી એકત્રિત થયેલ નિધિ વડે આવા પરિવારની જીંદગીનું આશાનું કિરણ બની જશે અને આપ પોતે પણ ખૂબજ મોટો આત્મસંતોષ મેળવી શકશો.

**(૧) સભ્યપદ મેળવવા અંગે :**

૧. **શ્રી સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ , વડોદરા.- કેંદ્રીય સંગઠન** યુવાસંઘના કાયમી સભ્ય તરીકે નોધાયેલ સ્થાનિક યુવા મંડળના સભ્ય ૧૮ થી ૫૫ વર્ષ સુધીની વય ધરાવતા સનાતની યુવક/યુવતીઓ આ યોજનાના સભ્ય બની શકશે.

૨. સભ્યપદ મેળવવા સ્થાનિક નોંધાયેલ યુવા મંડળની સહમતી જરૂરી રહેશે.

3. satvarasamajvadodara.com પર નોંધાયેલ “FAMILY ID “ ધરાવતા પરિવારનો સભ્ય જ સભ્યપદ મેળવી શકશે.

૪. સભ્યપદ માટે નિયત ફોર્મમાં અરજી કરવાની રહેશે.

૫. સભ્યપદની અરજી સાથે કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે દાખલ સહયોગનિધિ રકમ ભરવાની રહેશે, જે પરત મળવાપાત્ર નથી.

| ઉમ્મર વર્ષ | 18 થી 30 | 31 થી 40 | 41 થી 47 | 48 થી 55 |
|---|---|---|---|---|
| સહયોગનીધી ( રૂ) | 1500 | 2000 | 2500 | 3500 |

૬. આયોજનામાં જોડાનાર સભ્યએ અરજી ફોર્મ સાથે ફોટો તથા આધાર કાડ, અને પાન કાર્ડ પુરાવા તરીકે જોડવાના રહેશે.

૭. આ યોજનામાં સભ્ય પોતાના જ પરિવારજતને વારસદાર તરીકે નીમી શકશે.

૮. સભ્યપદ મેળવ્યાનું સર્ટીફીકેટ દિન-૨૧માં આપને ન મળે તો **YSK** ઓફિસનો સંપર્ક કરવો.

# <u>(૨) YSK સુરક્ષા કવચના લાભ અને વિશેષતાઓ:</u>

૧. ૧૮થી ૫૫ વર્ષની ઉમર સુધીમાં **<u>YSK</u>** યોજનાના સભ્ય દિવંગત થાય ત્યારે તેના પરિવારને નિયમ અનુસારની આર્થિક સુરક્ષારૂપે સહયોગનિધિ રકમ મળશે.

૨. આ યોજનાના પ્રથમ 2000 સ્થાપક સભ્યોને વિશેષ લાભ તરીકે ૬૦ વર્ષ પૂરાં થયે સભ્યપદ સમાપ્ત થશે. આવા સભ્યોએ ૬૦ વર્ષની ઉંમર સુધી નક્કી કરેલા નિયમ અનુસારની સહયોગનિધિ ચૂકવવાની રહેશે અને [દિવંગત સહાય નિયમાનુસાર મળવાપાત્ર રહેશે.

**<u>3. ૦૧/04/૨024 થી યોજનામાં જોડાનાર સભ્યનું અરજીફોર્મ સ્વીકાર્ય થયા પછી YSK ID મેળવ્યાના ૧ વર્ષે પૂર્ણ થયા બાદ YSK ના તમામ હક્ક લાભ મેળવવા માન્ય ગણાશે.</u>**

૪. અકસ્માતથી.....

*સભ્ય એક સાથે બે હાથ કે બે પગ કે એક હાથ અને એક પગ કે બન્ને આંખ ગુમાવે ત્યારે આર્થિક સુરક્ષાની રકમના ૧૦૦% મળશે.

*. એક હાથ કે એક પગ ગુમાવે ત્યારે આર્થિક સુરક્ષાની રકમના ૫૦% મળશે.

* અકસ્માતથી સભ્ય કમાવવાની સંપૂર્ણ ક્ષમતા ગુમાવે કે 3 માસ થી વધુ સમય કોમામાં રહે તેવા સંજોગોમાં સ્થાનિક સમાજ, યુવા મંડળના કાર્યકરો સાથે વિચાર વિમર્શ કાર્યા બાદ સમિતિ યોગ્ય નિર્ણય લેશે.

૫. ૧૦૦% સહયોગનિધિ મેળવનાર સભ્યનું સભ્યપદ પૂર્ણ થયેલ ગણાશે, તથા ૫૦% સહયોગનિધિ મેળવનાર સભ્યનું સભ્યપદ ચાલુ રહેશે, તથા ભવિષ્યમાં દિવંગત સહયોગના ૫૦% લાભ મેળવવા હકદાર રહેશે. નિયમાનુસાર સહયોગનિધિ પ્રતિવર્ષે ચૂકવવાની રહેશે.

**૬. કુદરતી કે માનવ સરજીત આપત્તિના કારણે વાર્ષિક નિયત મૃત્યુથી વધુ સંખ્યામાં <u>YSK</u> સભ્યનાં મૃત્યુ નોંધાય તો અનામત ફંડમાંથી નિયત રકમ અપાશે. અનામત ફંડથી વધુ સંખ્યામાં મૃત્યું હશે તો રહેલ અનામત ફંડના આધારે પરિવારોને સરખા પ્રમાણમાં સહયોગનિધિ આપવામાં આવશે.**

# (3) વિરોષ 51% સહયોગી :

૧. **YSK** મિત્ર: દાતારૂપે અન્યને મદદરૂપ થવાના આશયથી લાભની અપેક્ષા વગર જોડાઇ શકો છો, જે "**YSK** મિત્ર" તરીકે ઓળખાશે. તેમને વર્ષ દરમ્યાન **YSK** સભ્યનાં મૃત્યુંદીઠ ૪૮ થી ૫૫ વર્ષ ગૃપના સભ્યને આવતું સહયોગનિધિ માંગપત્ર મોકલવામાં આવશે.

આ ઉપરાંત...,

૨. **YSK** રક્ષકઃ રૂ. .૧૧,000

3. **YSK** કુટુંબ રક્ષકઃ રૂ. ૨૫,000

૪. **YSK** પરિવાર રક્ષકઃ રૂ. ૫0,000

૫. **YSK** સમાજ રક્ષકઃ રૂ. ૧,00,000

તરીકે દાન કરી શકાશે. જેમાં ઉમર બાધ રહેશે નહિ. જે વેબસાઈટ પર, માંગપત્રમાં તેમજ સમાજનાં માધ્યમોમાં જાહેર કરાશે. આ દાનની રકમમાંથી ગંભીર બિમારીના ઈલાજ માટે જરૂરીયાતમંદ સભ્યની લેખિતમાં રજૂઆત આવેથી રૂ.૧,00,000 સુધીની સહાય આપવા સ્થાનિક સમાજ, યુવા મંડળના કાર્યકરો સાથે વિચાર વિમર્શ કાર્યા બાદ **YSK** સમિતિ યોગ્ય નિર્ણય લેશે.

# (૪) દિવંગતના પરિવારે સહયોગનિધિ મેળવવા અંગે (ડેથ ક્લેમ અંગે):

૧. **YSK** સભ્યના અવસાન અંગે તેના પરિવારના સક્ષમ વ્યક્તિએ સ્થાનિક સમાજ કે યુવા મંડળના પ્રમુખશ્રી કે હોદ્દેદારે રીજીયન **YSK** **કેંદ્રીય સંગઠન** કન્વીનરને જાણ કરવાની રહેશે. **કેંદ્રીય સંગઠન** **YSK** કન્વીનરે ફરજના ભાગરૂપે તાત્કાલીક રાહે **YSK** ની હેડઓફિસે જાણ કરવાની રહેશે.

૨. સભ્યના દિવંગત થયાની જાણ થતાં **YSK** ની મુખ્ય ઓફીસથી જરૂરી ખરાઈ કરી અનિવાર્ય સંજોગો સિવાય ૧૫ દિવસમાં દિવંગતના નોમીનીના નામે ૫૦% રકમનો ચેક યુવા મંડળ પ્રમુખશ્રીને અથવા સ્થાનિક હોદ્દેદારો કે **YSK** સમિતિના અધિકૃત પ્રતિનિધિશ્રીને શોક સંદેશા સાથે મોકલવામાં આવશે. તેમણે સ્થાનિક સમાજ, યુવાસંઘ તેમજ કેન્દ્રીય સમાજ કે ઉચ્ચ હોદેદારો, પ્રતિનિધિશ્રીઓને સાથે રાખી દિવંગતના પરિવારના ઘરે જઈ શોક સંદેશો વાંચી સહયોગનિધિ ચેક અર્પણ કરવાનો રહેશે.

3. જરૂરી પેપર્સ, મરણ દાખલો, નોમીનીની ખરાઈ સાથે પરિવારનો સંમતિપત્ર તેમજ સ્થાનિક સમાજ - યુવામંડળ – રીજીયનનો ભલામણપત્ર મળવાથી ૫૦% બાકો સહયોગનિધિનો ચેક મોકલવામાં આવશે.

૪. સામાન્ય મૃત્યુમાં સભ્યના મૃત્યુ બાદ વખતોવખતના નિયમો અનુસારની સહયોગનિધિ નોમીનીને એકાઉન્ટ પે ચેક દ્વારા બે તબક્કે ચુકવવામાં આવશે. નોમીનીની ગેરહાજરીના જરૂરી પુરાવાઓ ચકાસ્યા બાદ **YSK** સમિતિને સંતોષ થશે તો, બીજા નોમીનીને જે તે રકમનો ચેક આપવામાં આવશે. આપેલ સહયોગનિધિ પર સામાજીક હક્ક હોઈ અંગત દેવાંમાં વાપરી શકાશે નહિ, તેનું યોગ્ય વાષિક વળતર મળી રહે તેનું ધ્યાન સ્થાનિક સમાજ-યુવામંડળે રાખવાનું રહેશે.

૫. માયનોર નોમીની અંગે **YSK** સમિતિનો નિર્ણય આખરી રહેશે. દિવંગતના પરિવાર સ્થાનિક સમાજ, યુવા મંડળના કાર્યકરો સાથે વિચાર વિમર્શ કર્યા બાદ **YSK** સમિતિ યોગ્ય નિર્ણય લેશે

## (૫) સભ્યના હકકો અને ફરજો :

૧.યોજનાના પ્રથમ 2500 સભ્યો સ્થાપક સભ્ય તરીકે ઓળખાશે અને ભવિષ્યના વિશેષ લાભોમાં તેમને અગ્રીમતા મળશે.

૨. દરેક સભ્યએ સહયોગનિધિ ચેક, કેડોટકા5 કે ઓનલાઈન પેમેન્ટ અથવા આપના વિસ્તારની સેન્ટરલ બેંક ઓફ ઈન્ડિયા , કારેલીબાગ , વડોદરા . ખાતા નં : ૧૨૩૪૯૦૬૫૩૩ IFC CODE : CBIN0280486 બેંક કે **YSK** યોજનાની માન્યતા ધરાવતી બેંકમાં ભરી શકાશે.

૩. **YSK** સભ્યમાંથી વર્ષે દરમ્યાન કુલ મૃત્યુ સંખ્યા મુજબ ચૂકવાયેલ [દિવંગત સહયોગનિધિ, નિયત કરવામાં આવેલ મૃત્યુ દીઠ સહયોગનિધિ દર, ઉંમર પ્રમાણે હયાત કુલ સભ્યોના આધારે, સભ્ય સંખ્યાના અનુપાતમાં, વર્ષની નિયત કરેલ ફી અને અન્ય ફી સાથે સભ્યને વાષિકે કે છ માસિક માંગપત્ર મોકલવામાં આવશે. જે સહયોગનિધિ માંગપત્રની તારીખથી ૬૦ દિવસમાં ભરપાઈ કરવાનું રહેશે.

૪. સહયોગનિધિ માંગપત્રની તારીખથી દિન ૬૦ માં ભરપાઈ નહિ યાય તો, યોજનાના લાભ મળશે નહિ. પછીના બીજા ૩૦ દિવસ સુધીમાં ફરી સક્ષમ સભ્ય થવા નિયત ફી રૂ..૧૦૦ સાથે સહયોગનિધિ માંગપત્રની બાકી રકમ ભરી સભ્યપદે ચાલુ રહો શકશે. બિલની તારીખના ૯૦ દિવસ બાદ પણ સભ્ય લેણી રકમ નહિ ભરે તો તે તેનું સભ્યપદ ગુમાવશે. આ સંજોગોમાં કોઈપણ પ્રકારની રકમ પરત કરવામાં આવશે નહિ.

૫. સભ્યપદ ગુમાવનાર સભ્ય કોઈપણ સંજોગોમાં નવેસરથી સભ્ય બની શકશે નહિ, પરંતુ જુની બાકો સહયોગનિધિ તથા પ્રતિ વર્ષે વાર્ષિક વહીવટીય ખર્ચના રૂપિયા ૩૦૦ લેખે ભરીને **YSK** ના નવા સભ્યના નિયમાનુસાર સભ્ય તરીકે જોડાઈ શકશે.

૬. સભ્યએ આપેલ વિગતમાં કોઈપણ ફેરફારની જાણ હેડ ઓફિસે લેખિત કરવાની રહેશે. સભ્યની અરજીના આધારે સરતામું, વારસદાર અંગે, કે અન્ય ફેરફારો જે તે નિયમાનુસાર નિયત ફી લઈ બદલી શકાશે.

૭. યુવતીઓના લગ્ન પછી પુરાવા સાથે લેખિત જાણ હેડ ઓફિસે કરાશે તો **YSK** સભ્યનું સરનામું ટ્રાન્સફર કરી આપવામાં આવશે.

૮. **YSK** યોજના અંતર્ગત સભ્ય બનનાર પોતાનું સભ્યપદ પૂરૂ ન યાય ત્યાં સુધી દાખલ સહયોગનિધિ રકમ અન્યને મજરે આપી શકશે નહીં. સભ્યના ઉમર વર્ષ પૂરાં થયે સભ્યપદ પૂરૂ થયે થી સહયોગનિધિ માંગપત્રની બાકો રકમ ભર્યા પછી દાખલ સહયોગનિધિની જમા રકમ માંથી ૧૮ થી ૫૫ વર્ષ સુધીની વય ધરાવતા કોઈ એક યુવક/યુવતીને આ યોજનાના સભ્ય બનવા મજરે આપી શકશે (નવા સભ્ય બનતા સભ્યની દાખલ સહયોગનિધિ ની રકમ મજરે આપેલ જમા રકમ થી વધુ હોય તો તફાવતની રકમ ભરી સભ્ય બની શકાશે. નવા સભ્યની દાખલ સહયોગનિધિની રકમ જમા રકમથી ઓછી હોય તો તફાવતની રકમ પરત કરવામાં આવશે નહી). વર્ષ દરમ્યાન દાખલ સહયોગનિધિ મજરે આપનાર સભ્યની બાકી નીકળતી સહયોગનિધિ નવા જોડાનાર સભ્યએ મરવાની રહેશે.

૯. સભ્યએ ભરેલ રકમ પરત કરવામાં આવશે નહીં. તેની યોજના અને ટ્રસ્ટના નિયમ હેઠળ વ્યવસ્થા કરાશે.

૧૦. **YSK** યોજનાના કોઈપણ સભ્યને સ્થાનિક યુવા મંડળએ કે સમાજે સભ્યપદેથી હકાલપટ્ટી કરેલ હોય તો **YSK** સમિતિ જરૂરી ખુલાસા જાણ્યા બાદ કેન્દ્રિય સમાજના અને જ્ઞાતિના નીતિનિયમોનું ઉલંઘન થતુ ન હોય તેવા સંજોગોમાં યોગ્ય જણાશે તો તેનું સભ્યપદ ચાલુ રાખી શકાશે. યોજનાના લાભથી વંચીત નહિ રાખવા માટે તેના મૂળભૂત હક્કને નુકશાન થાય નહિ તે **YSK** સમિતિએ ખાસ જોવાનુંરહેશે.

૧૧.સભ્ય અયોગ્ય સાબિત થવાથી કે રદ કરવાથી કોઈપણ પ્રકારના લાભ કે રકમ પરત કરવામાં આવશે નહિ.

૧૨. **YSK** સભ્યનું મૃત્યુ થવાથી નોમીનીને નિયત સહયોગનિધિ સિવાય અન્ય રકમ ચૂકવાશે નહીં અને સભ્યપદ રદ ગણાશે.

૧૩. **YSK** સમિતિના યોજનાકોય વહીવટમાં કોઈપણ સભ્યને અસંતોષ લાગે તો તેઓ **YSK** સમિતિને લેખિતમાં રજૂઆત કરી શકે છે. આવી રજૂઆત પર ચર્ચા વિચારણાને અંતે **YSK** સમિતિ યોગ્ય નિર્ણય લેશે તે આખરી અને સૌને બંધનકર્તા રહેશે. **YSK** સમિતિને યોગ્ય લાગે તો બેઉપક્ષને માન્ય હોય તેવા લવાદની નિમણૂક કરી અસંતોષનો નિવેડો લાવવામાં આવશે.

૧૪. સામાજીક યોજના હોઈ કોઈપણ સભ્ય, નોમીની કે તેને લાગતા- વળગતાઓ કોર્ટમાં જઈ શકશે નહીં, સમિતીનો નિર્ણય અંતિમ, સર્વસ્વીકાર્ય અને સૌને બંધનકર્તા રહેશે.

# (ક) વાર્ષિક સહયોગ નિધિ ચૂકવણી પધ્ધતિ :

૧.દર વર્ષે માર્ચ પછી દિવંગત નામો સાથે વિગત દર્શાવતું વાર્ષિક દિવંગત સહયોગનિધિ માંગપત્ર ઓનલાઈન કે ઈ-બીલ સભ્યને મોકલવામાં આવશે. સહયોગનિધિ બીલ ૩૦ દિવસ સુધીમાં ન મળે તૌ ઓફિસનો સંપક કરી બીલની ચૂકવણી કરવાની જવાબદારી સભ્યની રહેશે.

૨ **YSK** સભ્યોનાં મૃત્યુની કુલ ચૂકવાયેલ દિવંગત સહયોગનિધિ, સભ્યની ઉંમર પ્રમાણે નોંધાયેલ કુલ સભ્યોના પ્રમાણમાં દર્શાવેલ કોષ્ટક મુજબ ગણવામાં આવશે. તથા રૂ. ૧૦૦ વડીવટીય ફાળો રહેશે. જેનું વાષિક કે અર્ધવાષિક સહયોગ નિધિનું બિલ મોકલવામાં આવશે.

## વાર્ષિક સહયોગ નિધિ બિલની ગણતરી:-

$$\frac{\text{ચૂકવેલ કુલ વાષિક સહયોગ નિધિ + અનામત ફંડ + ડ્રોપ રેશિયો}}{\text{નોધાયેલ કુલ સભ્યોની સંખ્યા}} \times \text{સહયોગ દર} + \text{રૂ. } 100$$

## દિવંગત સહયોગનિધિ:

| સભ્ય સંખ્યા | 1500 થી | 3000 થી | 5000 થી | 10000 થી |
|---|---|---|---|---|
| દીવંગત સહયોગનીધી ( રૂ) | 2 લાખ | 4 લાખ | 5 લાખ | 10 લાખ |

## સહયોગ દર :-

| ઉમ્મર વર્ષ | 18 થી 30 | 31 થી 40 | 41 થી 47 | 48 થી 55 |
|---|---|---|---|---|
| મ્રુત્યૂ સહયોગનીધી દર ( રૂ) | 90 | 110 | 140 | 160 |

ખાસ નોંધઃ ૨૫૦૦ થી ૧૦૦૦૦ સભ્યોના આધારે તમામ ગણતરી કરેલ છે.

૩. તા.૦૧-૦૪-૨૦૧૯ થી જોડાનાર નવા સભ્યોના સહયોગ નિધિ બીલની પ્રથમ વર્ષની ગણતરી સભ્ય જે માસથી યોજનામાં જોડાય તે માસથી સરેરાશ સહયોગ નિધિ ચુકવવાની રહેશે.

૪. અપમૃત્યુના કિસ્સામાં યોજનાના જુના નિયમો પૂર્વવત રાખેલ છે, જેમાં સહયોગનિધિ મળવાપાત્ર રહેતી નથી. પરંતુ શંકાસ્પદ કિસ્સામાં વિવેકબુધ્ધિથી નિર્ણય લેવાનો રહેશે.

૫. સહયોગ નિધિ માંગપત્રની રકમ ભરપાઈ કરવામાં સરળતા માટે &011 ફોર્મ નિયત અરજી ફોર્મ સાથે ભરવું જરૂરી છે. અગાઉથી નોંધાયેલ સભ્યોએ પણ --- ફોર્મ ભરવાનું રહેશે. --- કે ચેક થી ચૂકવણીમાં સભ્યના બેંક ખાતામાં જરૂરી ફંડ ન હોય કે અન્ય કારણે ---- કે ચેક પરત ફરે તેવા સંજોગોમાં બેંક તેમજ વહીવટી ચાર્જ સાથે બાકી માંગપત્રની રકમ ચૂકવવાની રહેશે.

યોજનામાં જોડાતા નવા સભ્ય અને પ્રતિવર્ષ સહયોગનિધિ બીલ માંથી આ યોજનાના પ્રચાર પ્રસાર અને વિકાસ હેતુ મુજબની નાણાંકિય ફાળવણી રીજીયન અને યુવા મંડળને કરવામાં આવશે.

## (7) દિવંગત સહયોગનિધિ અટકાવવા બાબતેઃ

૧. દિવંગતના પરિવાર તરફથી દિવંગત સહયોગનિધિ અરજી નડો આવવાથી કે સત્તાવાર જાણ નહીં થવાથી. અરજી ફોર્મમાં અધુરી વિગત -- ખોટી માહિતી અન્ય કોઈ બદઈરાદાથી આથિક લાભ હેતુ આચરેલ બાબતે.

૨. **YSK** સભ્યનું અવસાન શંકાસ્પદ જણાયે **YSK** સમિતિ સહયોગનિધિ અટકાવી શકશે. આવા સંજોગે **YSk** સમિતિ મોટાભાઈની ભુમિકા નિભાવી સામાજીક પરંપરા પ્રણાલી અનુસાર નિકાલ લાવી યોગ્ય રીતે ચૂકવણી કરશે. આમ યુવાસંઘ અપમૃત્યુના દુ:ષણને અટકાવવા શક્યતઃ પ્રયત્ન કરશે. નિર્ણયમાં વિલંબ થાય તો **YSK** સમિતિ કસ્ટોડિયન રૂપ ભૂમિકા નિભાવવા સાથે દિવંગતનાં બાળકોને અઢાર વર્ષ પૂર્ણ થતાં બેન્ક વ્યાજ સહિતની રકમ સરખા ભાગે ચૂકવશે.

૩. શંકાસ્પદ મૃત્યુ અંગે જાણ કરવા સ્થાનિક દરેક સંસ્થાના કાર્યકરો પાસે **YSK** સમિતિ અપેક્ષા રાખે છે. સહયોગનિધિ ચેક સ્થગિત કરવા/કરાવવા સ્થાનિક જવાબદાર સામાજિક હોદ્દેદારોએ **YSK** સમિતિનું ધ્યાન દોરવાનું રહેશે

## (8) સભ્યપદની સમાતિઃ

૧. સનાતન ધર્મ અને સમાજ /યુવાસંઘ/મહિલા સંઘ વિરૂધ્ધ કાર્યોમાં સ્થાનિક સમાજ/ઝોન સમાજ તેમજ યુવાસંઘ ચકો જે સભ્યોને લાયક ઠેરવવામાં ન આવે ત્યારે...

૨. 55 વર્ષે પૂર્ણ થયેથી.. 	૩. દિવંગત થયેથી...

૪. મહિલા સભ્ય અન્ય જ્ઞાતિમાં/સતપંથમાં લગ્ન કરે તેવા સંજોગોમાં..

## (9) વિશોષઃ

૧. યુવાસંઘ સામાજીક અને સેવાભાવી સંસ્થા હોઈ યુવા સુરક્ષાને લગતી અન્ય બાબતો વિચારશે અને અન્ય ઘણા લાભો ભવિષ્યમાં જોડવામાંઆવશે.

૨. સમયાંતરે યોજનાની સમિક્ષા કરી સભ્યોને વધુમાં વધુ લાભ પ્રાપ્ત થાય તેવા પ્રયાસ સમિતિએ કરવાના રહેશે.

૩. યોજનાના નિયમોનું અર્થઘટન કરવાની આખરી સત્તા યુવાસંઘની યુવા સુરક્ષા કવચ કાર્યવાહક સમિતિની રહેશે

॥ જય સિધ્ધનાથ મહાદેવ ॥

# શ્રી સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ , વડોદરા.- કેંદ્રીય સંગઠન

## યુવા સુરક્ષા કવચ વહીવટીય ધારાધોરણ અને નિયમો

૧. નામઃ શ્રી સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ , વડોદરા.- કેંદ્રીય સંગઠન એ સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ , વડોદરાના સંચાલિત પેટા સમિતિ તરીકે કાર્ય કરશે.

૨. વહીવટીય ઓફિસો : યુવા સુરક્ષા કવચ સમિતિને જરૂર જણાયે ત્યાં ઓફિસ ખોલી શકશે, રાખી શકશે.

૩. હિસાબી વર્ષ : ૧ એપ્રિલથી ૩૧ માર્ચ હિસાબી વર્ષ રહેશે.

૪. કાર્યક્ષેત્ર : સમગ્ર ગુજરાત ના કાર્યક્ષેત્ર અનુરૂપ રહેશે.

યુવા સુરક્ષા કવચ **YSK** સમિતિના ઉદ્દેશો અને હેતુઓ

૧. સમાજમાં બંધુત્વની ભાવના કેળવવા, પરસ્પર સહકારથી નીકટતા અને પ્રેમભાવ વધારવા.

૨. યુવા સુરક્ષા કવચના સભ્યના નિધન પછી તેના પરિવારને આર્થિક સહાય પૂરી પાડવી

૩. દસ્તાવેજ પુરાવા. મેડીકલ ચેકઅપ, પ્રોસેસીંગમાં બગડતો સમય, કલેમચૂકવામાં વિલંબ, ખોટા ખર્ચા, રોકાણના પ્રમાણમાં મળતું ઓછું વળતર જેવી મુશ્કેલીઓ દૂર કરવી.

૪. યોજનાના સભ્યોના આર્થિક હિતને સાચવ્યા બાદ યુવાઓના સર્વાંગી વિકાસ અંગે કાર્યો કરવા.

૫. અનિવાર્ય સંજોગોમાં યુવાસંઘના સભ્યોને વિવિધ સુરક્ષાઓ દ્વારા મદદ કરવી તેમજ સભ્ય એવા યુવક-યુવતીઓના સર્વાંગી વિકાસ માટે આર્થિક સહાય પૂરી પાડવી.

૬. યોજનાના સભ્યોને અને તેની પાછળના પરિવાર માટે આર્થિક સુરક્ષા પૂરી પાડવા માટે કસ્ટોડીયન તરીકે યોગ્ય ભૂમિકા નિભાવવી. યોજનાના સભ્યોને મેડીકલ ઈમરજન્સીમાં મદદરૂપ થવું.

7. સમયાનુંસાર દિવંગત આજીવન ફી કે સહયોગ દર, વહિવટીય કી, સભ્યનાહક્કો, દિવંગત પરિવારને મળતી છાયા નિધિ વિગેરે નીતિ નિયમોના મહત્વનાફેરફારો કે નીતિ વિષયક બાબતો પર જરૂર જણાય તો સલાહકારોની સલાહ લઈ ટ્રસટ મંડળ અને સમિતિ એ તેયાર કરેલ પ્રસ્તાવને યુવાસંઘ કાર્યવાહક સમિતિને રજુ કરી બહાલી લેવાની રહેશે.

૫. સમિતિના હોદ્દે દારોને જરૂરી જણાય ત્યારે તે હોદ્દેદારનું કાર્ય સમિતિના અન્ય સભ્યએ સંભાળવાનું રહેશે.

૬. વહીવટીય સમિતિ વર્ષમાં ઓછામાં ઓછી બે વખત (દર છ મહીને એક વાર)અવશ્ય મળશે.

૭. **YSK** સમિતિ યુવાસંઘના હિતમાં તેની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ વખતોવખત કાર્યો કરશે. તેમને જોઈતી તમામમાહિતી યુવાસંઘ પાસેથી માંગશે સાથેસમિતિને જરૂરી સહયોગ કરશે.

૮. વહીવટીય સભ્યોની સેવા માનદ્ ગણાશે. તેઓ લોકશાહી ઢબે યોજનાનું સંચાલન કરશે. સર્વાનુમતી કે બહુમતી ન સાધી શકાય ત્યારે આખરી નિર્ણય યુવાસંઘ કાર્યવાહકંનો રહેશે.

૯. યુવાસંઘના ઉદ્દેશો બર લાવવા માટે યુવાસંઘ કાર્યવાહક સમિતિની મંજુરીને આધિન જરૂર જણાય સ્થાવર જંગમમિલકતો ખરીદવાની, વેચવાની ભાડે લેવાની-આપવાની, ગીરો મુકવાની-લેવાની, ફેર બદલી કરવાની સત્તા સમિતિને રહેશે. બેકો, ઈન્સ્યુરંશ કંપની અને અન્ય સંસ્થાઓ સાથે કરાર કરી શકશે.

૧૦. વહીવટીય સમિતિ જરૂરી સવેતન કર્મચારીગણ વડે આ યોજનાના મૂળભૂત ઉદ્દેશ્યને જાળવીને તે સંદર્ભે કાર્ય કરશે. સંચાલનમાં સમિતિને ઓછો કાર્યભાર પહોચે તે પણ ધ્યાને લઈ સમિતિના ધારાધોરણોને આધીન રહી વ્યવસ્થાકિય ઢબે સવેતન કે કોન્ટ્રેક્ટ બેજ પર વ્યવસ્થાકિય ધોરણે યોગ્ય વ્યવસ્થાકિય માળખુ ઉભુ કરી શકશે.
૧૧. કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કરી કરાવી શકશે. તે માટેની વખતો વખતની શરતો વેતનો નક્કી કરશે કરાવશે.
૧૨. સમિતિ સંકલિત તમામકેન્દ્રો અને પેટા કેન્દ્રોનું આંતરીક નિયમિત સંચાલન કરશે દેખરેખ રાખશે,
૧૩. વિવાદાસ્પદ દિવંગત સહાયનાં નાણાં ચુકવવા બાબતનો આખરી નિર્ણય **YSK** સમિતિને આધીન રહેશે. આ બાબતે જરૂર જણાયે પેટા સમિતિ રચી તપાસ કરાવી શકશે. ગંભીર બિમારીનો ગેરલાભ લેનાર માટે જરૂર પડયે સ્થાનિક સમાજની ભલામણ કરી શકશે તથા સહાયનિધી પણ અટકાવી શકશે.

# ૧૦. નાણાંકીય વ્યવસ્થા અંગે :

૧. **YSK સમીતી** સાથે રાખી ફડ મેનેજમેન્ટ સમિતિ રચવાની રહેશે જેના વડા ફંડ મેનેજર રહેશે.

૨. **YSK સમીતી** નાણાં કાયદામાં માન્ય હોય તેવી સંસ્થા કે બેંકમાં રોકવાના રહેશે. ફંડ, મેનેજમેન્ટ સમિતિ નક્કી કરે તે બેંકમાં મુદતી થાપણો અન્ય રીતે રાખવાના રહેશે.

૩. બેંકીંગ વહીવટમાં,પ્રેસિડેન્ટ ,ચેરમેન,મહામંત્રી ,CEO. કમિશ્નર, કો-ઓર્ડીનેટર, એડમીનીસ્ટ્રેટર આ પાંચમાંથી કોઈપણ બે ઉપરાંત ફડ મેનેજર આમત્રણ હોદદેદારની સંયુક્ત સહીથી **YSK** નો બેકીંગ વહીવટ કરવાનો રહેશે.
૪. વાર્ષિક વહીવટીય રકમઅને તેનું વ્યાજ કે અન્ય વ્યાજનો ઉપયોગ વહીવટીય માળખાં તેમજ યોજનાના બહોળા વ્યાપ માટે કરી શકાશે, સભ્ય પાસેથી મળેલ રકમઅથવા તેનું વ્યાજ જે તે હેતુને અનુલક્ષીને નિયમો કાયદાને આધિન રહેશે.
5. કુદરતી કે માનવ સર્જીત આપત્તિના કારણે વાર્ષિક નિયત મૃત્યુથી વધુ સંખ્યામાં **YSK** સભ્યનાં મૃત્યુ નોંધાય તો તેવા અનામત ફડમાંથી નિયત રકમઅપાશે. પરંતુ ફંડ ઓછું પડે તેવા સંજોગોમાં પરીવારોને સરખા પ્રમાણાં યોગ્ય વહીવટ જાળવશે. અનામત ફડ **YSK** નિયમોનુસાર અને ટ્રસ્ટ તથા સરકાશ્રીના કાયદા મુજબ યોગ્ય વહીવટ કરશે.
૬. રોજીંદા ખર્ચ માટે રૂ. ૧૦ હજાર સુધી અધિકાર રહેશે. તેથી વધુ ખર્ચની મંજૂરીપછીની સમિતિ સભામાં લેવાની રહેશે.

# 11. વિસર્જન :

૧. આયોજત્તા બાબતે અને તેના નીતિવિષયક અંગે આખરી નિર્ણય માટે યોજનાના સભ્યોનો બહુમતિ નિર્ણય તથા સમિતિના સભ્યોનો બહુમાંતે નિર્ણયની જાણ યુવાસંઘ કાર્યવાહક સમિતિને કરી શકશે. તે અનુસાર યોજનાના હેતુ અને ઉદ્દેશને લક્ષમાં રાખી યોજનાની લેવડ-દેવડ અટકાવવાનો અને તેનો વહીવટ આગળ ચલાવવા અંગેનો નિર્ણય કરશે.

૨. જો કોઈ કારણસર યોજના બંધ કરવાની થાય તો શ્રી સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ , વડોદરા. ( કેન્દ્રીય સંગઠન ) સમાજનો અધિકાર અને કાર્યવાહી શ્રી સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ , વડોદરા. ના બંધારણ અનુસાર રહેશે.